* D G - 0 0 1 - 0 0 1 4 1 2 2 *

**DG-001-0014122** Seat No. ________

# B. A. (CBCS) (Sem. IV) Examination

**April / May – 2015**

## Gujarati : Paper - IX

**પદ્ય અભ્યાસ ('સુંદરમ્‌નાં ગીતો')**

*(Elective - II) (Old Course)*

**Faculty Code : 001**
**Subject Code : 0014122**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. પ્રશ્ન એકમાં M.C.Q. પ્રકારનાં વીસ પ્રશ્નો છે.
(૨) એક M.C.Q. નો એક ગુણ, કુલ વીસ ગુણ છે.
(૩) M.C.Q. પ્રકારના પ્રશ્નોના ઉત્તર પણ ઉત્તરવહીમાં જ આપવાના રહેશે.

1 નીચે આપેલ વીસ બહુવિકલ્પ પ્રશ્નોના સાચા વિકલ્પ જણાવો : **20**

(1) 'સુંદરમ્‌' ઉપનામ કવિને શાના ઉપરથી સૂઝેલું ?
(A) અતિ સુંદરમ્‌ (B) પરમ સુંદરમ્‌
(C) બાલા સુંદરમ્‌ (D) સત્યમ્‌, શિવમ્‌, સુંદરમ્‌

(2) 'સુંદરમ્‌' સંસ્કૃત અને અંગ્રેજી સાથે બીજા વર્ગમાં કઈ ઉપાધિ પ્રાપ્ત કરી સ્નાતક થયા ?
(A) વિનીત (B) સેવક
(C) કોવિદ (D) ભષા વિશારદ

(3) ઇ.સ. 1928-29 'સાબરમતી'માં 'બારડોલી'ને કાવ્ય કયા ઉપનામે પ્રસિદ્ધ થયું ?
(A) મરીચિ (B) ત્રિશુલ
(C) દક્ષિણાયન (D) સુંદરમ્‌

(4) કવિતા, સંગીત અને ગીતત્વ આ ત્રણ વાનાં 'સુંદરમ્‌'નાં મતે કોના ઘટકતત્ત્વો છે ?
(A) સૉનેટ (B) ગીત
(C) મુક્તક (D) ખંડકાવ્ય

(5) માકોરનો 'ભૂખ પોકાર' કયા સમયે ડૂબી જાય છે ?

(A) મધરાતે (B) પરોઢ થતાં પંખીના ટહુકા સાથે

(C) બપોરે (D) સાંજે

(6) 'નવું ભજન' ગીતનો ઢાળ કોના જેવો છે ?

(A) નરસિંહ (B) ભોજા ભગતના ચાબખા

(C) ધીરા (D) પ્રેમાનંદ

(7) 'ત્રણ પાડોશી' કાવ્યના માકોર-શેઠને ત્રીજા પાડોશી કોણ છે ?

(A) રામ (B) રહિમ

(C) ઈશુ (D) જરથ્રુષ્ટ

(8) શેઠની મેડીએ શું વાગે છે ?

(A) ઘંટી (B) રેડિયો

(C) થાળીવાજું (D) હારમોનિયમ

(9) 'ત્રણ પાડોશી' ગીતમાં કવિ કહે છે - 'લોકોનાં જૂથ નિતે ઉભરાય ?' આ જૂથ દરરોજ કયા સમયે ઉભરાતાં હતાં ?

(A) વહેલી સવારે (B) નમતા પહોરે

(C) મંદિરની આરતી ટાણે (D) પ્રસાદ સમયે

(10) 'મૈં તો ચુપચુપ ચાહ રહી' પંક્તિખંડ સુંદરમ્‌ના કયા ગીતનો છે ?

(A) તવચરણે (B) મેરે પ્રિયા

(C) 'હું'જી (D) હંકારી જા

(11) 'હંકારી જા' ગીતમાં કવિ ઝંઝાનાં ઝાંઝર પહેરીને શું ઢંઢોળી જવા કહે છે ?

(A) ઘરનાં કમાડ (B) મંદિરનાં દ્વાર

(C) આત્માની અટારી (D) પોતાના કાનનાં કમાડ

(12) શ્યામ સજનવા વિના જમુના ઘાટ કવિને કેવા લાગતા નથી ?

(A) રૂપાળા (B) સોહામણા

(C) મસ્તીભર્યા (D) કોલાહલમય

(13) 'સુંદરમ્'ના ઉપનામથી એમનું કયું કાવ્ય ઇ.સ. 1928માં 'સાબરમતી' સામયિકમાં પ્રગટ થયેલું ?

(A) બુદ્ધનાં ચક્ષુ (B) અનુ દીકરી

(C) લાડવા ખવાડ (D) તલાવણી

(14) ફળીના એક ખૂણામાં રે

ગંધાતા કોક ખૂણામાં રે

............ ઊભેલા જણાય ? (ખાલી જગ્યા પૂરો)

(A) ઝૂંપડી (B) ઘર

(C) મહેલ (D) મકાન

(15) 'ભૂખી ડાંસ ઘંટી ગાજે રે

ગાજે જેમ દુકાળિયાનું મોત' - અલંકાર ઓળખાવો.

(A) રૂપક (B) સ્વભાવોક્તિ

(C) ઉત્પ્રેક્ષા (D) ઉપમા

(16) 'રંગ રંગ વાદળિયાં' ગીતમાં સુંદરમ્ કોની યાત્રાની વાત કરી છે ?

(A) કવિની પોતાની (B) વાદળાની

(C) આતમરામની (D) ભક્તની

(17) અંતરની એરણ પર કોની પડે હથોડી ચેતનરૂપ ? કાળતણી ધરતીમાં ખોદી કોણ રહ્યું જીવનનાં કૂપ ? - પંક્તિઓ સુંદરમ્‌ની કઈ ગીતરચનાની છે ?

(A) ગઠરિયાં (B) કોણ ?

(C) ધખના (D) જુદાઈ

(18) સ્ત્રી પ્રેમ કરે છે ત્યારે એનો ઢંઢેરો પીટતી નથી એ તો અભાનપણે પ્રિયતમની સંનિધિમાં માત્ર આટલું જ ગણગણી ઊઠે છે.

(A) મુજને કોણ ગયું ઝબકાવી (B) અમને રાખ સદા તવ ચરણે

(C) મૈં તો ચૂપચાપ ચાહ રહી (D) દિલનો દડુલો રમાડી તું જા

(19) 'વાઘ ને વરુ તારી વાટડી જુએ છે વીરા,

એને ઉદર છે ભૂખડી અપાર જી' - પંક્તિમાંનો અલંકાર ઓળખાવો.

(A) રૂપક (B) ઉપમા

(C) યમક (D) સજીવારોપણ

(20) પ્રભુકૃપાની માત્ર એક મીટ/ઝલક કવિ એમની કઈ ગીતરચનામાં માંગે છે ?

(A) ટીટોડી અને સાગર (B) ધખના

(C) કણ રે આપો (D) 'હું'જી

2 સુંદરમ્‌ના જીવન, કવન અને ઘડતર પરિબળોની ચર્ચા કરો. 10

**અથવા**

2 'સુંદરમ્‌ના ગીતો'માં ભક્તિ અને આધ્યાત્મિક અનુભૂતિનાં આલેખન વિશે વિસ્તૃત ચર્ચા કરો. 10

3 'સુંદરમ્‌ના ગીતો'માં આંતર સમૃદ્ધિ સાથે અભિવ્યક્તિસજ્જતા કેળવા જોઈ શકાય છે'. આ વિધાનની ચર્ચા કરો. 10

**અથવા**

3 'સુંદરમ્‌ની ગીતરચનામાં સમાજની વિષમતા, વિરૂપતા અને વિરોધાભાસો વિશેની અકળામણ રજૂ થઈ છે'. આ વિધાનની ચર્ચા કરો. 10

4 (અ) ટૂંકનોંધ લખો : (બેમાંથી એક) 8

(1) 'સુંદરમ્‌ના ગીતો'માં વિષયવૈવિધ્ય

(2) સુંદરમ્‌ની ગીતરચનામાં ભાષાશૈલી

(બ) ટૂંકનોંધ લખો : (બેમાંથી એક) 8

(1) 'સુંદરમ્‌ના ગીતો'માં પ્રકૃતિ નિરૂપણ

(2) 'ત્રણ પડોશી' કાવ્યનું રસદર્શન કરો.

5 નીચેનામાંથી કોઈ પણ બે કાવ્યનો આસ્વાદ કરો : 14

(1) હંકારી જા

(2) ટીટોડી અને સાગર

(3) મેરે પિયા

(4) 'ધખના'.